# પડતર હિસાબી પધ્ધતિ- ૧

## Cost Accounting-1

## Code : CE-201(A)

## B.COM . SEM =3

## યુનિટ = ૧ (૨૫%)

### પડતર હિસાબી પધ્ધતિનો પરિચય

**પ્રાસ્તાવીક**

- નામાપધ્ધતિની આધુનિક શાખા

-નાણાકીય હિસાબી પધ્ધતિ ધ્વારા ધંધાનો નફો કે નુકસાન તેમજ ધંધાની આર્થિક પરિસ્થિતિ જાની શકાય, જયારે પડતર હિસાબી પધ્ધતિ ધ્વારા વસ્તુની પડતર કેટલી રાખવી ?, વેચાણકિંમત કેટલી રાખવી ?, વસ્તુની પડતરમાં ઘટાડો થઈ શકે કે નહિ વગેરે પ્રશ્નો ના જવાબ માટે પડતર હિસાબી પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવેછે .

- પડતર ના હિસાબો ઉત્પાદિત માલ કે સેવાની પડતર શોધી કાઢવા માટે તૈયાર કરવામાં આવેછે .

# વ્યાખ્યા

" ઉત્પાદિત માલ કે સેવાના દરેક એકમની કુલ પડતર શોધી , સમાવિષ્ટ પડતરનું યોગ્ય પૃથક્કરણ કરી તે અંગે ના સબંદિત પ્રશ્નોનું નિરાકરણ કરવાની પદ્ધતિ ને પડતર હિસાબી પદ્ધતિ કહેછે. "

# હેતુઓ

- પડતર અને વેચાણકિંમત નક્કી કરવા માટે .
- પડતરનાં મૂળતત્વો અનુસાર વર્ગીકરણ કરવામાટે .
- ઉત્પાદના દરેક તબ્બકે ઉદભવતા સામાન્ય બગાડ ,અસામાન્ય બગાડ , ઘટ, ભંગારની માહિતી મેળવવાનો અને તેના કારણો જાણવાનો .
- સંચાલકોને વસ્તુ કે સેવાની પડતર અંગે માહિતી પૂરી પાડવાનો .
- પડતર ઘટાડવા નો અને અંકુશ રાખવાનો .
- પ્રમાણિત પડતર અને ખરેખર થયેલ પડતર તુલના કરી પૃથક્કરણ કરવાનો .

# નાણકીય હિસાબો અને પડતરના હિસાબો વચ્ચેનો તફાવત

| નાણાકીય હિસાબો | પડતરના હિસાબો |
| --- | --- |
| - અમુક ચોક્કસ મુદત માટે નફો કે નુકસાન બતાવે છે. | - ચોક્કસ વસ્તુ, વિભાગ ,કે તબક્કા નફો કે નુકસાન જાણવા માટે . |
| - નફો કે  નુકસાન કારણો જાની શકતા નથી. | - કારણો જાની શકાય છે. |
| - વેચાણ કીમત નક્કી કરી શકાતી નથી . | - વેચાણ કીમત નક્કી કરી શકાય છે. |
| - | |
| - દેવાદાર ,લેણદાર વગેરે નોધ થાય છે. | - નોધ થતી નથી . |
| - સામાન્ય રીતે હિસાબી સમયગારો એક વર્ષ નો હોય છે. | - સમયગારો નક્કી હોતો નથી |

# ફાયદા અને મર્યાદાઓ

## ફાયદા

- માલસામાન અંકુશ માટે ઉપયોગી.
-. એકમદીઠ પડતર નક્કી કરવા માટે .
- વેચાણકીમત નક્કી કરવામાટે .
- બિનનફાકારક પ્રવૃત્તિ જાણવા માટે .
- મંદીમાં કીમત ઘટાડવા માટે.
- નિર્ણય લેવા માટે .
- સંચાલકો માટે ઉપયોગી

## મર્યાદાઓ

- બિનજરૂરી .
- ખર્ચાળ
- ગૂંચવાડાભરેલી
- ઈજારયુક્ત ઉધોગો માટે બિનજરૂરી .

# પડતરનું વર્ગીકરણ

## ૧ – પડતરનાં તત્વો મુજબ .

(A) પ્રત્યક્ષ પડતર અને પરોક્ષ પડતર
પ્રત્યક્ષ માલસામાન . મજુરી .સીધાખર્ચ
પરોક્ષ માલસામાન, મજુરી, અન્ય પરોક્ષ ખર્ચ .

(B) કર્યોનુસાર
કારખાના , ઓફીસ અને વહીવટી અને વેચાણ વિતરણ  પરોક્ષ ખર્ચા .
સંશોધન અને વિકાસ ખર્ચા .

(C) વર્તણુક કે ગુણ પ્રમાણે
સ્થિર , ચલિત અને અર્ધચલિત .

(D) સમયને અનુલક્ષીને =
ઐતિહાસિક પડતર ( ખર્ચ થયા પસી જે પડતર નક્કી કરવામાં આવે તે )
પૂર્વનિર્ધારિત પડતર (ઉત્પાદન થયા પહેલા જે પડતર નક્કી કરવા આવે છે.

# (E) પેદાશ કે મુદતને આધારે

પેદાશ પડતર = જે પડતર પેદાશ સાથે પ્રત્યક્ષ રીતે ઓરખી શકાય તેને પેદાશ પડતર કહે છે.

મુદતી પડતર = જે ખર્ચા સમયને આધારે ચુકવવામાં આવે તેને મુદતી પડતર કહેયાય છે. દા.ત ભાડું ,પગાર વગેરે

# (F) સંચાલકીય નિર્ણય માટે

**સીમાંતપડતર = જેમો ફક્ત ચલિતખર્ચ સમાવેશ થાય છે , પરંતુ સ્થિરખર્ચ નો સમાવે થતો નથી તેને સીમાંત પડતર કહે છે.**

**સંબંધિત પડતર = જે પડતર સંચાલકો ના નિર્ણય પર અસર કરતી હોય તેને**
**પ્રસ્તુત પડતર      સબંધિત પડતર કહેછે .**
**સુસંગત પડતર**

**તફાવત પડતર = જયારે કોઈ નિર્ણય લેવામાં આવે અને તેને કારણે વર્તમાન કરતાં  નવી પડતર વધે કે ઘટે તો તફાવતને ‘ તફાવત પડતર કહેયાય છે.**

**ડૂબેલી પડતર** = જે ખર્ચ ભૂતકાળમાં થઈ ગયો હોય અને હાલ જે નિર્ણય લેવા માં
(Sunk costs) તેને કારણે ટે ખર્ચ પર કોઈ અસર થતી ન હોય તો તેને ડૂબેલી
પડતર કહેશે .

**વૈકલ્પિક પડતર** = જયારે સંચાલકો કોઈ નિર્ણય લેતા હોય ત્યારે કોઈ બે વિકલ્પ
હોય અને તે પૈકી કોઈ એકની પસંદગી કરવાની હોય તો
પ્રથમ વિકલ્પ પસંદ કરતાં બીજા વિકલ્પની આવક જતી
કરવી પડે . આબીજા વિકલ્પની જતી કરેલી આવક એ પસંદ
કરેલ પ્રથમ વિકલ્પની વૈકલ્પિક પડતર ગણાય.

# પડતરના ખ્યાલો ( Cost Concepts)

**પડતર = પડતર એટલે કોઈ માલ સેવાના બદલમાં જતા કરેલા સાધનોનું મુલ્ય . કોઈ મેળવવા માટે આપેલો ભોગ**

**ખર્ચ = જે ખર્ચ ચુકવાઈ ગયો હોય અથવા ચુકવવાનો બાકી હોય તેને ખર્ચ કહેવાય .**

**ખોટ = માલિકના ભંડોળમાં મૂડી પાછી ખેચ્યાં વગર જે ઘટ પડે અને જેના બદલામાં કોઈ મુલ્ય પરત મળ્યું ન હોય તેને ખોટ કહે છે.**

# પડતર હિસાબી પદ્ધતિઓ ( Methods of Costing )

(૧) એકમ પડતર
(૨) જોબ પડતર
(૩) કોન્ટ્રાક્ટ પડતર
(૪) પ્રક્રિયા પડતર
(૫) સેવા પડતર
(૬) બેચ પડતર
(૭) સંયોજન પડતર ( વિવિધ પડતર )

# પડતર હિસાબી પધ્ધતિ ની જરૂરિયાત

- ઉત્પાદિત માલ કે સેવાની પડતર શોધવા માટે તેમજ પડતર કઈ રીતે બનેલી છે તે દર્શાવવાનું કાર્ય .

- અમુક કરાર કેટલી કીમતે સ્વીકારવો , ઉત્પાદીત માની કીમત કેટલી રાખવી ,ઉત્પાદન વધારવા માટે વધારાના યંત્રો ખરીદવા કે વધારાના કારીગરો રોકવા તે નક્કી કરવા માટે,

- કરકસર દ્વારા નફામાં વધારો કરે છે.

- ખર્ચ પર નિયંત્રણ રાખવા માટે .

- કરકસરના સાધન તરીકે .

- ધંધાને અનુરૂપ .

# પડતર પદ્ધતિ અને ઉધોગો

એકમ પડતર - કાગરની મિલ,કોલસાની ખાણ,સિમેન્ટ ઉધોગ ,ડેરી ઉધોગ, પોલાદનું કારખાનું , અનાજ દરવાની મિલ, ઇંટો બનાવવાનો ઉધોગ

જોબ પડતર - ગેરેજ , છાપકામ ઉધોગ ,રંગરોગાન

બેચ પડતર - દવાબનાવવાનો ઉધોગ, સ્પેરપાર્ટસ, બિસ્કીટ ,સ્ક્રુ
- નટ, ખીલીઓ વગેરે બનાવવાનો ઉધોગ .